તાપમાન
મહત્તમ : ૩૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૩.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૧૮ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૮ ૯ એપ્રિલ, ૨૦૧૬, શનિવાર ; ચૈત્ર સુદ - ૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## વર્જિન આઈલેન્ડ ખાતે માલ્યાની પણ કંપની છે

### પનામા લીકમાં વધુ એક ખુલાસો

નવી દિલ્હી,તા. ૮

કિંગફિશરના માલિક વિજય માલ્યાને લઈને વધુ એક નવી વિગત સપાટી ઉપર આવી છે. જેના ભાગરુપે એવું જાણવા મળ્યું છે કે, વર્જિન આઈલેન્ડમાં માલ્યાની પણ કંપની રહેલી છે. વિજય માલ્યા સામે ભારતીય બેંકોનું દેવું નહીં ચુકવવાના કારણે હાલમાં વીલફુલ ડિફોલ્ટર જાહેર કરવામાં આવ્યા છે. તેમનું નામ પનામા લીક મામલામાં પણ સપાટી ઉપર આવ્યું છે.

વિજય માલ્યા હાલમાં દેશની બહાર છે અને તેમને કોર્ટ તરફથી જુદા જુદા આદેશો મળી રહ્યા છે. વિજય માલ્યા પર ૯૦૦૦ કરોડનું દેવું થયેલું છે. લોનની વસુલી માટે બેંકો દ્વારા તમામ તમામ પ્રયાસો કરાઈ રહ્યા છે. મળેલી માહિતી મુજબ વિજય માલ્યાનું નામ સપાટી ઉપર અવ્યા બાદ હજુ સુધી કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી.

માલ્યા વેન્ચર ન્યુ હોલ્ડિંગને બેંગ્લોર સ્થિત ત્રણ વિટ્ટલ માલ્યા રોડથી સંચાલિત કરતા હતા જ્યાં તેમનું આવાસ છે. વિજય માલ્યાની કંપની વેન્ચર ન્યુ હોલ્ડિંગ લિમિટેડ સીધીરીતે સંડોવણી ધરાવે છે તેવો ખુલાસો થયા બાદ વિજય માલ્યાની મુશ્કેલીમાં ઉલ્લેખનીય વધારો થઈ શક્યો છે. પનામા લીક મામલામાં બોલીવુડ સ્ટાર અમિતાભ બચ્ચનનું નામ પણ ખુલ્યું હતું.

# આજથી IPL-9ની શરૂઆત




### ફુલ ૬૦ મેચ રમાશે : દેશભરમાં કરોડો ક્રિકેટ ચાહકોમાં જોરદાર ઉત્સાહ ફેલાયો રોહિત શર્માના નેતૃત્વમાં વર્તમાન ચેમ્પિયન મુંબઇ પર ટ્રોફી જાળવી રાખવા માટે દબાણ રહેશે : તમામ સ્ટાર ખેલાડીઓ છવાઇ જવા માટે તૈયાર થયા છે

મુંબઈ,તા.૮

જેની ઉત્સુકતાપૂર્વક ક્રિકેટ ચાહકો રાહ જોઈ રહ્યા છે તે હાઈ પ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૯ની આવતીકાલે રોમાંચક અને દિલધડક વાતાવરણમાં શરૂઆત થવા જઈ રહી છે. હાઈપ્રોફાઈલ ઈન્ડિયન પ્રિમિયર લીગ-૯નો પ્રથમ તબક્કો આવતીકાલથી શરૂ થઈ રહ્યો છે. બ્રાન્ડ ચેન્નાઈ સુપર કિંગ્સ હવે ઈતિહાસની બાબત બની ચુકી છે.આઈપીએલ-૯માં જુના સ્ટાર ખેલાડીઓની પરીક્ષા થશે જ્યારે નવા ઉભરતા ખેલાડીઓ સામે પડકારો રહેશે. તમામને ચાહકોમાં લોકપ્રિય થવાની સુવર્ણ તક રહેલી છે. મહેન્દ્રસિંહ ધોની આ વખતે પીળી જર્સીમાં દેખાશે. આ વખતે પુણે સુપરજાઈન્ટસ અને ગુજરાત લાયન્સના રૂપમાં બે નવી ટીમો જોવા મળનાર છે. આઈપીએલ-૯ની મેચો દસ શહેરોમાં રમાનાર છે. આગામી સાત સપ્તાહ સુધી હવે જોરદાર રોમાંચ રહેનાર છે. વિરાટ કોહલી રોયલ્સ ચેલેન્જર્સ બેંગલોર તરફથી મેદાનમાં ઉતરનાર છે. તેની સાથે ક્રિસ ગેઈલ અને ડિવિલિયર્સ પણ છે. ડેરડેવિલ્સની પાસે નવો સ્ટાર કાર્લોસ બ્રેથવેટ છે.

● અનુસંધાન પાન-૭ પર

## બજેટ સત્રનો બીજો તબક્કો ૨૫મીથી શરૂ થવાની સંભાવના

### બજેટ સત્ર ૧૩મી મે સુધી ચાલે તેવી વકી : જીએસટી બિલ, અન્ય મુદ્દા પર ચર્ચા કરાશે : અરુણાચલ, ઉત્તરાખંડ, એનઆઈટી સહિતના અનેક મુદ્દાઓ છવાશે

નવી દિલ્હી,તા. ૮

સંસદ સત્રના બીજા તબક્કાની શરૂઆત ૨૫મી એપ્રિલથી થઈ રહી છે. આ સત્ર ૧૩મી મે સુધી ચાલે તેવી શક્યતા દેખાઈ રહી છે. સંસદના બજેટ સત્રના બીજા ભાગમાં કેટલીક મહત્વપૂર્ણ બાબતો ઉપર ચર્ચા થઈ શકે છે. ૧૬મી લોકસભાનું આઠમુ સત્ર ૨૫મી એપ્રિલથી શરૂ થશે અને તે ૧૩મી મે સુધી ચાલશે. રાજ્યસભાના બુલેટિનમાં જણાવવામાં આવ્યું છે કે, સભ્યને જાણ કરવામાં આવી છે કે, રાજ્યસભાનું ૨૩૯મું સત્ર સોમવાર એટલે કે ૨૫મી એપ્રિલથી શરૂ થશે. લોકસભાનું બજેટ સત્ર ખુબ મહત્વપૂર્ણ છે. સંસદીય બાબતોના પ્રધાન વેંકૈયા નાયડુ કહી ચુક્યા છે કે, આ સત્ર દરમિયાન સુધારા પગલા ઉપર ચર્ચા થશે. સરકાર એમ પણ માને છે કે, જીએસટી બિલ સહિત કેટલાક વૈધાનિક મામલાઓમાં વિરોધ પક્ષોને મનાવી લેવામાં તેમની પાર્ટી સફળ રહેશે. જો કે, બજેટ સત્રના બીજા તબક્કામાં ભારે ધાંધલ ધમાલ જટિલ મુદ્દાઓને લઈને થઈ શકે છે જેમાં દેશભરમાં હાલમાં જ ચાલી રહેલી ભારત માતા કી જય મુદ્દે ચર્ચા, જમ્મુ કાશ્મીરમાં એનઆઈટીમાં વિદ્યાર્થીઓ ઉપર લાઠીચાર્જ, જેએનયુમાં ઉશ્કેરણીજનક નિવેદનબાજી, કાળા નાણા, પનામા લીક પેપરના મુદ્દે ગરમાગરમી થઈ શકે છે. ઈશરત મુદ્દો પણ છવાય તેમ માનવામાં આવે છે. બીજી બાજુ મોદી સરકાર વિવાદોને ટાળીને જીએસટીને અમલી કરવાની દિશામાં વધારે ધ્યાન આપે તેમ માનવામાં આવે છે.

# ભાજપના પાંચ પ્રદેશ પ્રમુખો નિમાયા

### કેશવ પ્રસાદ મોર્યને યુપીની જવાબદારી સોંપવા નિર્ણય : યેદીયુરપ્પાને કર્ણાટકની જવાબદારી સોંપી દેવાઈ



નવી દિલ્હી,તા. ૮

કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદીયુરપ્પા, ફુલપુરમાંથી ભાજપના સાંસદ કેશવ પ્રસાદ મોર્ય અને મોદી સરકારના પ્રધાન વિજય સાંપલાને ક્રમશઃ કર્ણાટક, ઉત્તર પ્રદેશ અને પંજાબના નવા પ્રદેશ અધ્યક્ષ તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે. પાર્ટી દ્વારા તેલંગાણામાં સંગઠનની જવાબદારી કે લક્ષ્મણને સોંપવામાં આવી છે જ્યારે અરુણાચલ પ્રદેશમાં પાર્ટીની જવાબદારી તાપીર ગાઓને સોંપવામાં આવી છે. બીએસ યેદીયુરપ્પાના આરોપોના પરિણામ સ્વરુપે મુખ્યમંત્રી પદથી રાજીનામુ આપવાની ફરજ પડી હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૨માં યેદીયુરપ્પાએ ભાજપ સાથે છેડો ફાડી લીધો હતો પરંતુ વર્ષ ૨૦૧૪માં યેદીયુરપ્પા એવા સમયમાં ભાજપમાં પરત આવી ગયા હતા જ્યારે વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે નરેન્દ્ર મોદી લોકસભાની ચૂંટણીમાં જવાબદારી સંભાળી હતી. ભાજપની કેન્દ્રમાં સત્તા આવ્યા બાદ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ દ્વારા મોટા ફેરફાર હેઠળ નિયુક્ત કરવામાં આવેલા ૧૧ નાયબ અધ્યક્ષોમાં પણ યેદીયુરપ્પાની પસંદગી કરવામાં આવી હતી. ઉત્તર પ્રદેશમાં ફુલપુર બેઠક પરથી સાંસદ કેશવ પ્રસાદ મોર્યની ઓળખ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પસંદગીના નેતા તરીકે કરવામાં આવે છે. કેશવની ઓળખ ભાજપની સરખામણીમાં વિહિપ અને સંઘના કાર્યકર તરીકે વધારે રહી છે. એવી આશા વ્યક્ત કરવામાં

● અનુસંધાન પાન-૭ પર



ચેટીચાંદ - અમદાવાદ -ગાંધીનગરમાં વસતા સિંધી પરિવારો દ્વારા ચેટીચાંદની ભવ્ય ઉજવણી કરાઈ હતી. ચેટીચાંદ નિમિત્તે યોજાયેલ શોભાયાત્રામાં સિંધી પરિવારો મોટી સંખ્યામાં જોડાયા હતા.

# આસારામના નજીકના સાધક કેડી પટેલની અટકાયત કરાઈ

અમદાવાદ,તા. ૮

વિવાદાસ્પદ આસારામ બાપુના સાધક અને મોટેરા આસારામ આશ્રમના સંચાલક તેમજ આસારામની તમામ ફાયનાન્સિયલ બાબતોની જવાબદારી સંભાળનાર કાંતિલાલ દેવજીભાઈ પટેલ ઉર્ફે કેડી પટેલની અટકાયત કરવામાં આવી છે. શહેર એસઓજી ક્રાઈમ બ્રાંચ દ્વારા તેની પુછપરછ કરવામાં આવતા કેટલીક ચોંકાવનારી વિગત સપાટી ઉપર આવી છે. કેડી પટેલ તમામ ફાયનાન્સિયલ બાબતોની સાથે સાથે આસારામ આશ્રમના લીગલ સેલના હેડ તરીકેની જવાબદારી સંભાળતો હતો. વર્ષ ૨૦૦૯ની સાલમાં ફરિયાદી રાજૂ ચાંડક ઉપર ફાયરિંગ કરી હત્યા કરવાના પ્રયાસમાં સાબરમતી પોલીસ સ્ટેશન ગુના બદલ તેની અટકાયત કરવામાં આવી છે.

### પુછપરછમાં કેટલીક ચોંકાવનારી વિગતો ખુલી : કેડી આસારામ મોટેરા આશ્રમના સંચાલક તરીકે-તમામ ફાયનાન્સિયલ બાબતોની જવાબદારી સંભાળી ચુક્યો છે

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચે તપાસ હાથ ધર્યા બાદ થોડાક સમય પહેલા જ ઝડપાયેલા શાર્પશૂટર કાર્તિક ઉર્ફે રાજુની પુછપરછ કરવામાં આવતા આ શખ્સે આસારામ આશ્રમના કેડી પટેલનું નામ આપ્યું હતું. કેડી પટેલની અટકાયત કરવામાં આવતા તેની પુછપરછ હાથ ધરાઈ હતી જેમાં જાણવા મળ્યું છે કે, તે હોમિયોપેથિક

● અનુસંધાન પાન-૭ પર

ભાજપના સત્તાવાર ઉમેદવારોની યાદી છેલ્લા પાને

# રાજ્યનો સ્થાપના દિન ધામધુમથી ઉજવાશે

### છોટા ઉદેપુરમાં ખાતે ઉજવણી હાથ ધરાશે : સ્થાપના દિવસની ઉજવણીની તડામાર તૈયારી આરંભાઈ

અમદાવાદ,તા. ૮

રાજ્ય સરકાર દ્વારા તા. ૧લી મે ગુજરાત સ્થાપના દિવસની રાજ્યકક્ષાની ઉજવણી મધ્ય ગુજરાતના છોટા ઉદેપુર ખાતે કરાશે. એક તરફ રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સ્થાપના દિવસની ઉજવણીની તડામાર તૈયારીઓ ચાલી રહી છે ત્યાં બીજી તરફ કોંગ્રેસના સ્થાનિક ધારાસભ્ મોહનસિંહ રાઠવા તથા ધીરૂભાઈ ભીલ દ્વારા કમાણી યોજનામાં થઈ રહેલા ભારે વિલંબ બદલ છોટા ઉદેપુર ખાતે તા. ૧લી એ દેખાવ યોજવાની જાહેરાત કરી હોવાથી તંત્ર હરકતમાં આવ્યું હતું. આ સંદર્ભમાં છોટા ઉદેપુરના કલેકટર જેતુ દિવાને બન્ને ધારાસભ્યો સાથે તાબડતોડ મીટીંગ ગોઠવી તેમણે તા. ૧લી મેનો વિરોધ કાર્યક્રમ પડતો મુકવા અપીલ

● અનુસંધાન પાન-૭ પર







